# ROYAL HIGHER SECONDARY SCHOOL - DHORAJI

**SUBJECT : GUJARATI** | **STD : - 12 (COM)** | **DATE : 26/10/2024**
**MARKS : 100** | **First Exam** | **TIME : 03:00 HOURS**

## વિભાગ – A (પદ્ય આધારિત)

**❍ નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધીને લખો. [03]**

(1) કવિ કોની વાણીને શુકનમાં ન લાવવા કહે છે ?
(A) કાગડાની (B) કોયલની (C) મોરની (D) માણસની

(2) કવિ નરસિંહ મહેતાના મતે ઈશ્વરને કઈ કઈ રીતે પામી શકાય ?
(A) વ્રતથી (B) તપથી (C) ભજન કીર્તનથી (D) પ્રેમ ભક્તિથી

(3) 'ભવના અબોલા' લોકગીતમાં નાયિકા કોને મનાવવા અથાગ પ્રયત્નો કરે છે ?
(A) દાદાને (B) નણંદને (C) પતિને (D) સહિયરને

**❍ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ હેતુલક્ષી ઉત્તર લખો. [03]**

(4) ધના ભગતની કઈ કૃતિ તમારા અભ્યાસક્રમમાં છે ?
(5) કયાં આખ્યાનકારને 'કવિ શિરોમણી' નું સન્માન મળ્યું છે ?
(6) 'ઊર્મિલા' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

**❍ નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો. [04]**

(7) 'ભવના અબોલા' લોકગીતની નાયિકા શા માટે વ્યથિત છે ?
(8) 'રામબાણ' કાવ્યમાં 'રામબાણ' શબ્દનો અર્થ જણાવો.
(9) ગોપી શેમાં સ્નાન કરવાની ના પાડે છે ? શા માટે ?
(10) દમયંતી પોતાના પિતા આગળ કઈ મૂંઝવણ રજૂ કરે છે ?

**❍ નીચે આપેલા પ્રશ્નોના ત્રણ–ચાર વાકયમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) [06]**

(11) મીરાંબાઈ ઉપર રાણાજીએ શા માટે ક્રોધ કર્યો ?
(12) નળ અને દમયંતીનો પ્રસન્ન દામ્પત્યપ્રેમ વર્ણવો.
(13) કવિને બધી કાળી વસ્તુઓમાં કપટનો ભાવ શા માટે જોવા મળે છે ?
(14) વનમાં જવા અંગેની પતિની વાતની ઊર્મિલા પર શી અસર થાય છે ?

**❍ આપેલ પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો. [04]**

(15) દેવોએ નળ અને દમયંતી પ્રસન્ન થઈને કયાં કયાં વરદાન આપ્યા ?

**અથવા**

(15) 'રામબાણ' પદનો મર્મ તમારા શબ્દમાં લખો.

## વિભાગ – B (ગદ્ય આધારિત)

**❍ નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધીને લખો. [03]**

(16) બાપુએ તેમના ભાષણમાં શાની વાતો સમજાવી હતી ?
(A) હિંસા (B) અહિંસા (C) સ્વરાજ્ય (D) આશ્રમ

(17) લેખિકાએ કોને ખાતર છેલ્લી મજલ જતી કરી હતી ?
(A) રંજનાને (B) હરધનને (C) ચંદનવાડીને (D) શેષનદીને

(18) કયાં રાજયના મહારાણાએ સર પ્રભાશંકરની સલાહ લીધી હતી ?
(A) જૂનાગઢ (B) જામનગર (C) કશ્મીર (D) ભાવનગર

**❍ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. [03]**

(19) 'સત્યાગ્રહાશ્રમ' કૃતિના લેખકનું નામ જણાવો.
(20) 'ખીજડિયે ટેકરે' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.
(21) 'ઉછીનું માગનારાઓ' પાઠ શેમાંથી લેવામાં આવ્યો છે ?

**❍ નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** **[04]**

(22) 'ખીજડિયા ટેકરાનો' લોકો શો ઉપયોગ કરતા ?

(23) બાપુ પાસેથી વિનોબાને શાની દીક્ષા મળી ?

(24) અમરનાથ યાત્રામાં શેનો અવરોધ વિઘ્નરૂપ છે ?

(25) વનની વિટંબણાઓ શાના કરતાં સારી હતી ?

**❍ નીચે આપેલા પ્રશ્નોના ત્રણ–ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **[06]**

(26) ઉછીનું માગનારની નજર કેવી છે ? શા માટે ?

(27) લેખિકાને હરધન મેદાનમાંથી વહી જતી શેષ નદી કેવી લાગતી હતી ?

(28) પોતાનું શેષ જીવન વનમાં ગાળી યુધિષ્ઠિરને શું કરવું છે ?

(29) પોસ્ટ–માસ્ટરના જીવનમાં શી ઘટના બની ?

**❍ આપેલ પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો.** **[04]**

(30) 'યુધિષ્ઠિર યુદ્ધવિષાદ' નાટકના અંતની ચર્ચા કરો.

**અથવા**

(30) ઉછીનું માગનારા સ્વભાવની ખાસિયતો તમારા શબ્દોમાં લખો.

## વિભાગ – C (વ્યાકરણ આધારિત)

**❍ નીચેના સમાનાર્થી શબ્દોને સામ–સામે જોડીને લખો. (કોઈ પણ ચાર)** **[02]**

(31) સંચ – વિલાપ – સખાવત

(32) અવકાશ – ગઢ – ગગન

(33) દાન – પ્રપંચ – કોટ

(34) કિલ્લો – સમય – કપટ

(35) આક્રંદ – ખેરાત – અવસર

**❍ નીચે આપેલા વાકયોમાંના રેખાંકિત શબ્દોના સ્થાને તેનો વિરુધાર્થી શબ્દ લખી, વાકયનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો. (કોઈ પણ ચાર)** **[02]**

(36) પ્રસન્નતા ચહેરા પર આવી ગઈ

(37) તે હિન્દ માટે અનુકૂળ વાતાવરણ ઘડશે.

(38) સૌ વડની છાયાના શાંત સ્થળે બેઠા છે.

(39) શ્યામ રંગે સમીપે ન જવું

(40) પલંગમાં સૂઈ જવાનું સુખદ લાગ્યું

**❍ શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (કોઈ પણ ચાર)** **[02]**

(41) છોડને પાણી સીંચવું તે –

(42) સમુદ્રમાં લાગતી આગ –

(43) હિમાલયમાંથી નીકળતી નદી –

(44) જરૂરિયાત કરતાં વધારે વાપરતું તે ચોરી છે તેમ માની તેનું પાલન કરનાર

(45) આંખનો પલકારો

**❍ નીચેના તળપદા શબ્દોના શિષ્ટ ભાષાના માન્ય અર્થ લખો.** **[01]**

(46) ઓબળ (47) હામ

**❍ નીચેના શબ્દની સાચી જોડણી લખો. (કોઈ પણ બે)** **[01]**

(48) સુનકાર (49) અનુકુળ (50) પરીણિત

**❍ નીચેના પ્રશ્નોના ઉત્તર કૌસમાં દર્શાવેલ સૂચના મુજબ લખો. (કોઈ પણ છ)** **[03]**

(51) પટ્ટણીના પ્રયત્નથી જ ભાવનગરની જીત થઈ છે. (નિપાત શોધો.)

(52) હરધનનું પથરાયેલું વિશાળ મેદાન ............ રૂપપલટો કરી બેઠું હતું (ખાલીજગ્યામાં નિપાત મુકો)

(53) ત્રણ–ચાર શિક્ષિકાઓ અને આયાઓ બાળકોની દેખભાળ રાખતી હતી. (વિશેષણ શોધો.)

(54) ............ ઘરેણાં તેઓ બેધડક માગી શકે છે. (ખાલી જગ્યામાં વિશેષણ મૂકો)

(55) મીરાંબાઈ ઉપર ક્રોધ કરીને, રાણોજી ખડગ જ તાણે (કૃદંત શોધો)

(56) એક જીવતા જાગતા બાળકને પણ રજુ કર્યું (કૃદંત શોધી પ્રકાર લખો.)

(57) રાત્રિના તારાને તરણા સામે ................ અધિકાર નથી. (ખાલી જગ્યામાં કૃદંત મુકો.)

**○ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાકયપ્રયોગ કરો. (કોઈ પણ બે) [02]**

(58) જીવ બાળવો. (59) ઠરીઠામ બેસવું (60) આભ ફાટી પડવું

**○ નીચેનાં વાકયોમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમણે ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ) [03]**

(61) મેંતો એ પહેલાં કયારે ય શાક સમાર્યુ નહોતું (લેખનરૂઢિની દષ્ટિએ સુધારો)

(62) ૫ મી પેઢીને જોવાની વાસના ડોશીને હતી જ (વાકયમાં ભાષા શુદ્ધ કરો.)

(63) આદમી પણ ભડ જેવો ભોજા ઊઠયો ભડકી. (વાકયને પદક્રમ ગોઠવો.)

(64) મેનાના હાથથી સંચો નીચે પડયો. (વાકયમાં પ્રત્યય સુધારો)

**○ નીચેનાં સંયુકત કે સંકુલ વાકયોને સાદા વાકયમાં ફેરવીને લખો. (કોઈ પણ બે) [02]**

(65) તમે તમારે મઝાથી રાજ કરો ને મનની આશાઓ સંતોષો.

(66) હવે અવસ્થા થઈ હતી અને જુવાનીના ચડતા લોહીના અભાવે સહનશકિત ઘટી.

(67) મને તેઓ સારી રીતે રાખે છે એટલે નિષ્કારણ તેમની નોકરી મારાથી ન છોડાય.

**○ નીચેનાં સાદાં વાકયોને સંયુકત કે સંકુલ વાકયમાં ફેરવી લખો. (કોઈ પણ બે) [02]**

(68) મારું માનો. કૌરવો મર્યાનો શોક છોડી.

(69) હું કાશી આવ્યો. ત્યાં બાપુના એક ભાષણની ગરમા ગરમ ચર્ચા ચાલ્યા કરતી હતી.

(70) શ્રી પ્રભાશંકર સમજતા હતા. ગોળમેજી પરિષદ નિષ્ફળ જવાની છે. ભારતને થોડા વર્ષોમાં સ્વતંત્રતા મળવાની જ છે.

## વિભાગ – D અર્થગ્રહણ

**○ નીચેનું કાવ્ય વાંચી આપેલ પ્રશ્નોના ઉત્તર એક બે વાકયમાં લખો. [05]**

અમે રે સુકું રૂનું પૂમડું, તમે અત્તર રંગીલા રસદાર;
તરબોળી દ્યો ને, તારેતારને, વીંધો અમને વ્હાલા, આરંપારઃ
આવો રે આવો હો જીવણ આમના.
અમે રે સૂના ઘરનું જાળિયું, તમે તાતા તેજના અવતાર;
ભેદીને ભીડેલા ભોગળ–આગળા,ભરો લખ લખ અદીઠા અંબારઃ
આવો રે આવો હો જીવણ આમના.
અમે રે ઊધઈ ખાધું ઈંધણું, તમે ધગધગ ધૂણીના અંગાર;
પડેપડ પ્રજાળો વ્હાલા, વેગથી, આપો અમને અગનના શણગારઃ
આવો રે આવો હો જીવણ આમના.

(71) આ કાવ્યમાં 'જીવણ' શબ્દ કોના માટે વપરાયો છે ? (72) 'જીવણ' ને કયા કયા રૂપક આપવામાં આવ્યાં છે ?

(73) આ કાવ્યમાં કવિ પોતાની કઈ ઊણપો દર્શાવી છે ? (74) કવિ 'જીવણ' ને શી આજીજી કરે છે ?

(75) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**○ નીચેના ગદ્યખંડને વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર એક બે વાકયમાં લખો. [05]**

''સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી, યોજનાપૂર્વક, વ્યવસ્થિત રીતે ખર્ચે છે, જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે, બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં આવડતું નથી, તેને કશું જ વાપરતાં આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુમાં વધુ સમય જમા થઈ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગાં થાય એ પછી શું ન કરી શકે ? એ ધારે તે કરી શકે.'' – મોહમ્મદ માંકડછે.

(76) દરેક માણસ પાસે કઈ એક મૂડી સરખી જ છે ?

(77) કોને સંતોષ અને સફળતા મળે છે ?

(78) કોને થાક અને નિષ્ફળતા મળે છે ?

(79) કોની પાસે વધુને વધુ સમય જમા થઈ શકે ?

(80) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**○ નીચેના ગદ્યખંડનું ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [05]**

(81) "આપણે મહાપુરૂષોનાં જીવનમાં જોઈશું તો જણાશે કે એમને દુઃખ પડવામાં કાંઈ જ બાકી નથી. ઈસુ, સોક્રેટિસ, નરસિંહ, મીરાંબાઈ, કબીર બધાંને અનેક કસોટીઓમાંથી પસાર થવું પડયું હતું. નરસિંહ મહેતાને આખી જિંદગી ખાવાના સાંસા હતા અને સમાજનાં મહેણાં–ટોણાં એણે કેટલાં સાંભળ્યાં છે ! પણ આજે ગુજરાતમાં એનાં ભજનો ઘેર ઘેર ભક્તિભાવથી ગવાય છે. સમાજસેવકને મન આવી તાવણીમાંથી પસાર થવું હંમેશાં સુખરૂપ જ હોય છે. આવા અનુભવથી તે ઘડાય છે, પાકો થાય છે, તેના મન હૃદય પુષ્ટ બને છે. એ પણ ધ્યાન રાખવાની બાબત છે કે પ્રતિષ્ઠા કોઈથી આપી શકાતી નથી. એ તો કર્તવ્યપાલનમાંથી સ્વાભાવિક રીતે નીપજનારી વસ્તુ છે." – રવિશંકર મહારાજ

**○ નીચેના ગદ્યખંડને કાળકથનની રીત પ્રમાણે વિચારવિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો. [05]**

(82) આપણા બધા પ્રયત્નો અને પૈસા સાર્થક થયા. એમની આંખોમાં આનંદનાં આંસુ હતાં. પરિષદમાંથી પોતાના નિવાસસ્થાને પાછા ફરતાં તેમણે પોતાનાં રાણીને કહ્યું, પરિષદમાં ત્યાં મહારાજાઓની હરોળમાં બેઠેલી એક વ્યક્તિનાં દેદીપ્યમાન ચહેરા ઉપર, ભાષણ સાંભળ્યા પછી અતિ પ્રસન્નતા કળાઈ રહી હતી, આજે એક મહાન કાર્યથી મળેલી સફળતા જોઈ અને પ્રાપ્ત થયેલા યશથી આનંદ થયો. એ મહારાજા ગુજરાતના હતા. બ્રિટનમાં એમનો બંગલો પણ હતો.

## વિભાગ – E લેખનસજ્જતા

**(83) વધુ પડતા વરસાદને કારણે તમે રહો છો તે વિસ્તારમાંથી ગંદકીનું પ્રમાણ વધ્યું છે તે દૂર કરવા તથા રસ્તાના સમારકામ માટે તમારા નગરના આરોગ્ય અધિકારીશ્રીને અરજી લખો. [05]**

**(84) નીચેના પાઠયેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો. [05]**

બિંદુની સિંધુમાં કશી વિસાત નથી એમ તો માની શકાય નહીં. સિંધુ બિંદુઓનો જ બનેલો છે. આપણા જ એક મતને લીધે સારો ઉમેદવાર એકની વધુમતીથી ચૂંટાઈ આવી શકે છે તે આપણે જાણતા નથી ? વિચાર કરતાં જણાશે કે મત ન આપવો એ પણ મત આપવા બરાબર છે. ચૂંટણીનું જે પરિણામ આવવાનું હોય તેમાં આપણા મતની ગેરહાજરી પણ ભાગ ભજવતી જ હોય છે. આપણો એક મત તે નાનકડી વસ્તુ છે, પણ તેની અસરકારકતા નગણ્ય છે એ માનવાની ભૂલ ન કરવી જોઈએ.

**અથવા**

**(84) નીચેના આપેલ શબ્દ યાદીનો ઉપયોગ કરી એંશી (80) શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખો. [05]**

સમાજની સેવા મોટો ધર્મ–દુષ્કાળ રેલ કે રોગો ફાટી નીકળે ત્યારે સેવાધર્મ અનિવાર્ય – સાચો ધર્મ એ જ કે રોગો અટકાવીએ, દુષ્કાળ ન થાય તેવાં સાધનો ઊભાં કરીએ – સાચી સેવા ગામડાંમાં – ગામડાંના સુખદુઃખનો અનુભવ–શુદ્ધ સમાજસેવાની ખરી કૂંચીઓની પ્રાપ્તિ.

**(85) નીચેનામાંથી કોઈ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [10]**

(1) પ્રદૂષણ : એક સાર્વત્રિક સમસ્યા :–(મુદા : પ્રદૂષણ એટલે શું ? – પ્રદૂષણના પ્રકાર અને તેનાં ભયસ્થાનો – પ્રદૂષણ : યંત્રયુગની કડવી ભેટ – પ્રદૂષણ : મહાનગરોનો મહારોગ – પ્રદૂષણ – એક માનવસર્જિત આપત્તિ – પ્રદૂષણનું દૂષણ દૂર કરવાના ઉપાયો – ઉપસંહાર

**અથવા**

(2) યૌવન એટલે જીવનની વસંત(મુદા : પ્રસ્તાવના – યૌવન નાવ જેવું – સાહસવૃત્તિ – આદર્શ ઘેલછા – ઉચ્ચ ભાવના –અપાર શક્તિ – મોંઘામૂલું રતન – સુકાન તથા સુકાનીની જરૂર

**અથવા**

(3) 'નારી તું નારાયણી'(મુદા : પ્રસ્તાવના – નારીનો મહિમા – ભારતીય સ્ત્રીઓની મહાનતા – ભારતમાં સ્ત્રી–શક્તિની જાગૃતિ – વિવિધ માન્યતાઓ – નારીજીવન પર પશ્ચિમની અસર ઉપસંહાર.)